# ૧૭ (૨૪) કૃષિ બીજ વેચાણ કેન્દ્ર

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :-

આધુનિક યુગમાં ખેડૂતો ખેતપેદાશોનું ઉત્પાદન વધુ કરી શકે તેમજ સારી જાતની ખેતપેદાશો ઉત્પન્ન કરી શકે તે સારુ સુધારેલ બિયારણોનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે. આ જાતનાં સુધારેલ બિયારણો બહાર પાડવા સરકારનું ખેતીવાડી ખાતું રસ લઈ પ્રમાણિત બિયારણ કર્યા બાદ જ તેને બજારમાં મૂકવાની છૂટ આપતું હોય છે. આમ, ખેડૂતો આ પ્રકારનું સારી જાતનું બિયારણ વાપરી ખેતપેદાશોનું ઉત્પાદન વધારી આર્થિક રીતે વધુ પગભર બનવા પ્રયત્ન કરે છે.

### બ. બજાર અને બજાર વ્યવસ્થા :-

આ પ્રકારના સુધારેલ બિયારણનો ધંધો તાલુકા મથકે, જીલ્લા મથકે અગર આજુબાજુના ગામડા ઓના સેન્ટર મથકે કે જ્યાં ખેડૂતોની અવરજવર વધુ રહેતી હોય છે ત્યાં સારી રીતે ચાલી અર્થક્ષમ બની શકે છે.

ગ્રામસેવક અગર અગ્રગણ્ય ખેડૂતો દ્વારા ગામડાના ખેડૂતોના સંપર્કમાં રહેવાથી ધંધાનો વિકાસ વધુ થઈ શકે છે.

**ક. ધારણાઓ :-**

(૧) આ ધંધો કરનાર વ્યક્તિને જુદી જુદી જાતોના બિયારણો અંગેનું જ્ઞાન હોવું જરૂરી છે.

(૨) જે તે જીલ્લાના મુખ્ય પાક આધારિત બિયારણો ધંધો કરનારે રાખવાં જોઈએ.

(૩) આ પ્રકારનો ધંધો સીઝનલ હોય છે પરંતુ દરેક સીઝનમાં જુદી જુદી ખેતી થતી રહેતી હોવાથી લગભગ વર્ષના ૧૦ મહિના સુધી ધંધો ચાલી શકે છે.

**૨. વેચાણ ક્ષમતા :-**

આ પ્રકારનો ધંધો સીઝનલ હોવા છતાં સીઝનના અમુક ભાગમાં ધંધો થતો હોવાથી દૈનિક વેચાણ ક્ષમતા સરેરાશ ધ્યાનમાં લેતા દૈનિક વેચાણ ક્ષમતા રૂ. ૫૦૦ થી ૧૦૦૦ની અંદાજી શકાય.

**૩. પરવાના અંગેની ખાસ જરૂરિયાત :-**

આ ધંધા માટે કોઈ ખાસ પરવાના અંગેની જરૂરિયાત રહેતી નથી.

**૪. સ્થાયી મૂડી રોકાણ :-**

**અ. જમીન/મકાન**

આ પ્રકારના ધંધા માટે પોતાની માલિકીની અગર ભાડાની ૧૫ × ૧૦ બાંધકામવાળી જરૂરિયાત રહે જેનું માસિક ભાડું સરેરાશ રૂ. ૩૦૦/- જેટલું અંદાજવામાં આવે છે.

**બ. સાધનો/ઓજારો/ફર્નીચર વિ.**

| અ.નં. | સાધનો/ઓજારો/ફર્નીચરનું વર્ણન | સંખ્યા | કિમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | કાઉન્ટર સહિતનું પીજીયન ટાઈપ ઘોડા તથા બેસવાની ખુરશી સાથેનું ફર્નીચર તથા સાઈનબોર્ડ | | રૂ. ૮૨,૦૦/- |
| (૨) | બરણી, ડબ્બાઓ તથા બીજા સાધનો | | રૂ. ૭૦૦/- |
| (૩) | વજનકાંટો નાનો તથા મોટો અને વજનીયાં નાના તથા ૨૦ કિલો સુધીના | | રૂ. ૧,૦૦૦/- |
| (૪) | ઈલે. ટેબલ ફેન/સીલીંગ ફેન | | રૂ. ૮૦૦/- |
| (૫) | અન્ય પરચુરણ સાધન સામગ્રી | | રૂ. ૩૦૦/- |

**૫. કુલ સ્થાયી મૂડી રોકાણ :-** રૂ. ૧૧,૦૦૦/-

**૬. ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :-**

જુદી જુદી જાતનોં બિયારણની ૧ માસની ખરીદી માટે (શાકભાજી તથા અન્ય) રૂ. ૧૪,૦૦૦/-

**૭. કુલ મૂડી રોકાણ :-** **રૂ. ૨૫,૦૦૦/-**

**૮. બેંક લોન (ટર્મલોન તથા કાર્યકારી ભંડોળ) :-**

બેંક લોન ૩ (ત્રણ) માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૪૮ માસિક હપ્તાથી ભરપાઈ કરવાની રહે.
વ્યાજનો દર ૧૨ ટકા ગણેલ છે. રૂ. ૨૫,૦૦૦/-

**૯. આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ) માસિક :-**

| | |
|---|---|
| અ. બિયારણની ખરીદી માટે | રૂ. ૧૪,૦૦૦/- |
| બ. પગાર ખર્ચ | |
| ૧ વ્યક્તિ × રૂ. ૪૦૦/- માસિક | રૂ. ૪૦૦/- |
| ક. પાવર ખર્ચ | રૂ. ૧૦૦/- |
| ડ. બેંકનો હપ્તો વ્યાજ સાથે | રૂ. ૫૦૦/- |
| ઈ. પેકીંગ ખર્ચ | રૂ. ૧૧૦/- |
| ફ. ઘસારા ખર્ચ | રૂ. ૯૦/- |
| જ. રીપેર, સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | |
| ઝ. મકાન ભાડું | રૂ. ૩૦૦/- |
| ઈ. અન્ય મુસાફરી, ટ્રાન્સપોર્ટ, સ્ટેશનરી તથા પરચુરણખર્ચ | રૂ. ૭૫૦/- |
| **કુલ આવર્તક ખર્ચ** | **રૂ. ૧૬,૨૫૦/-** |

**૧૦. કુલ વેચાણ (માસિક) :-**

સીઝનમાં ધંધો વધુ થતો હોવાથી સરેરાશ વેચાણ આવક લક્ષમાં લેતાં દૈનિક રૂ. ૭૦૦/- લેખે માસિક રૂ. ૧૭,૫૦૦/-ની વેચાણ આવક થાય.

**૧૧. નફાતોટાનો અંદાજ (માસિક) :-**

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક (સરેરાશ) | રૂ. ૧૭,૫૦૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ. ૧૬,૨૫૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ. ૧,૨૫૦/- |

**૧૨. કાચામાલના ઉત્પાદકો/વિતરકો :-**

બિયારણો નેશનલ સીડ્ઝ કોર્પોરેશન કે જે ભારત સરકારની માલિકીનું છે ત્યાંથી અથવા ગુજરાત સીડ્ઝ કોર્પોરેશન પાસેથી ખરીદી શકાય છે. ખાનગી બિયારણ ઉત્પાદકો પાસેથી પણ જો ખેતીવાડી ખાતા તરફથી બિયારણો પ્રમાણિત થયેલ હોય તો તે પણ ખરીદી શકાય છે.

**૧૩. સાધનો/ઉત્પાદકો/વિતરકો :-**

જરૂરી સાધન/ઓજારો/ફર્નીચર સ્થાનિક શહેરમાંથી ખરીદી અગર જરૂરિયાત મુજબ ઓર્ડર આપી બનાવી શકાય છે.